ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0





મેઘરાજાની પધરામણી - બુધવારે વહેલી સવારે શહેરના અમુક ભાગમાં હળવા વરસાદનું ઝાપટુ પડ્યું હતું... જ્યારે સાંજે સમગ્ર શહેરમાં વરસાદી ઝાપટુ પડ્યું હતું... જો કે વરસાદી માહોલના પ્રમાણમાં વરસાદ ન વરસતા નારાજગી અનુભવાતી હતી... હજુ આ પ્રિ-મોન્સુન એક્ટિવીટીના ભાગરૂપે હળવા-ભારે વરસાદના ઝાપટા પડે છે... હવામાન વિભાગ અને જ્યોતિષ શાસ્ત્ર આગામી અઠવાડિયાથી નિયમિત ચોમાસાની આગાહી કરે છે...

# સામાન્ય સભાનું રેકોર્ડિંગ જોઈ તપાસ કરવા અપીલ કરતી કોંગ્રેસ

## ભાજપ તેની સત્તાનો દુરપયોગ કરી રહી છે : બિહોલા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગર પાલિકાની ગઈકાલની સામાન્યસભા તોફાની બન્યા બાદ ભાજપ દ્વારા દાખલ કરાયેલી પોલીસ ફરિયાદ અંગે કોંગ્રેસે વાયરલ થયેલી ઓડિયો ટેપ તેમજ સામાન્ય સભાનું વિડીયો રેકોર્ડીંગ જોઈ યોગ્ય અને ન્યાયી તપાસ કરવા વિપક્ષી નેતાએ માંગ કરી છે.

તેમણે એવો આક્ષેપ કર્યો છે કે કોંગ્રેસ સામે ખોટી પોલીસ ફરિયાદ દાખલ કરી ભાજપ પર સ્થાયી સમિતિના ચેરમેનનું વર્ચસ્વ જ છે તે સાબિત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે તેવુ દેખાય છે.

સામાન્ય સભામાં કર્મચારીની વેદના અને સત્તાપક્ષની સરમુખત્યારશાહી સામે અવાજ ઉઠાવવો તે વિપક્ષની ફરજ હતી અને અમે ક્યાંય અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો નથી તેમજ અમારી મર્યાદામાં રજુઆતો કરી છે.

ચેરમેનની ઓડિયો ક્લીપ એજ મોટો પુરાવો હોવા છતાં ભાજપ આ મુદ્દાને દબાવી દેવા રાજકીય દબાણ ઉભુ કરી અને પોલીસ કેસો પણ કરવામાં આવી રહ્યા છે. તેમણે પોલીસ અધિક્ષકને પણ પૂર્ણતયા સભાનું રેકોર્ડીંગ અને ઓડિયો ક્લીપ સાંભળી કાર્યવાહી કરવા અપીલ કરી છે.

## મનપાના ૩ કર્મયોગીઓના નામ પણ પોલિસ ફરિયાદમાં દાખલ કરવા અરજી

### મનપામાં હવે કર્મચારીઓ સામે મોરચો ખોલવાનો ભાજપનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાની ગઈકાલની સામાન્ય સભા તોફાની બન્યા બાદ ભારતીય જનતા પક્ષે હવે કર્મચારીઓ સામે મોરચો ખોલવાનો નિર્ણય લીધો છે.

મળતી વિગતો પ્રમાણે ભાજપના કાઉન્સીલરોની આજે મળેલ બેઠકમાં ત્રણ કર્મચારીઓના નામ પણ ગઈ કાલે નોંધાવેલ પોલિસ ફરિયાદમાં દાખલ કરવા માટેની અરજી પોલિસ સત્તાવાળાઓને આપી છે. ભાજપના કાઉન્સીલરોની આજે મનપા ખાતે મળેલ બેઠકમાં ગઈકાલના બનાવોની સમીક્ષા કરી અને કર્મચારીઓ સામે મોરચો ખોલવાનો નિર્ણય લેવાયો હતો અને પોલિસ ફરિયાદમાં નામ દાખલ કરવાની અરજી પણ આપી દેવામાં આવતા નગરમાં જ નહિ હવે સમગ્ર જિલ્લામાં આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બની ગયો છે.

# નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતા રહીશો તોબા

## સે-૮ માં પાણીની સમસ્યા ગંભીર પાણીનો ફોર્સ સદંતર ઘટી જતા રહીશોને હાલાકી

ગાંધીનગર તા ૨૧

શહેરમાં નવા સેકટરોમાં છેલ્લા ચાર દિવસથી પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાની બુમ ઉઠવા પામી છે. સરીતા ઉદ્યાનના હેડ વર્કસમાં ટેકનિકલ ક્ષતિ ઉદભવી હોવાના લીધે નવા સેકટરોમાં પાણીની સમસ્યા સર્જાઇ છે. નવા સેકટરોમાં બીજા માળ સુધી પાણી પહોંચતુ નથી. સે-૮ માં પાણીનો પ્રશ્ન ગંભીર બન્યો છે. ગત રવિવારથી પાણી ફોર્સથી ન આવતા સ્થાનિક રહીશો તોબા પોકારી ગયા છે.

શહેરના નવા સેકટરોમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી પાણીની પોકાર ઉઠવા પામી છે. સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. સેકટરોમાં છેલ્લા ચાર દિવસથી પાણી ફોર્સથી આવતુ નથી. સરકારી આવાસો તેમજ ખાનગી રહેણાંકના ફલેટમાં ઉપરના મજલે પાણી પહોંચતુ જ નથી. સવારમાં પાણીની પોકાર ઉઠતા સ્થાનિક રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. પુરતા ફોર્સથી પાણી ન આવતા રહીશોના રોજીંદા કામોમાં હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. દિવસ દરમિયાન પાણીનો કકળાટ કાને અથડાય છે. પાણી પુરતા ફોર્સથી ન આવતા ગૃહીણીઓ તંગ આવી ગઈ છે. સરકારી આવાસમાં પાણી આમ પણ પુરતા દબાણથી આવતુ ન હોવાનો સુર ઉઠવા પામે છે. ત્યારે હાલ સપ્લાય ઘટી જતા સરકારી આવાસમાં વસવાટ કરતા વસાહતીઓને પાણીના મામલે વિશેષ હેરાનગતિ વેઠવાનો વારો આવ્યો છે. સે-૮ માં પાણીની વિશેષ ઘટ પ્રવર્તી હોવાનુ ધ્યાને આવ્યુ છે. સેકટરમાં છેલ્લા ચાર દિવસથી કેટલાક ઠેકાણે પાણીનુ ટીપુ પણ નસીબ ન થતુ હોય તેવા કિસ્સાઓ પણ ધ્યાને આવ્યા છે. કેટલાક ઠેકાણે ટેન્કર મંગાવી કામ ચલાવાય છે. આ મામલે તંત્રને પણ રજુઆત કરવામાં આવી છે. જો કે સુત્રોના જણાવ્યા મુજબ સરીતા ઉદ્યાન હેડ વર્કસમાં મોટરમાં ટેકનિકલ ખામી સર્જાતા પાણી પુરતા ફોર્સથી સપ્લાય કરી શકાતુ નથી.

# શહેરી વિસ્તારના ગામોમાં ૫ કરોડના ખર્ચે પાણીની નવી ટાંકી તેમજ સંપ બનાવાશે

## પાણીની સમસ્યાને ડામવા માટે અગાઉ નવા બોર બનાવાયા બાદ હવે ટાંકીનુ કામ હાથ ધરાશે : ત્યારબાદ પાઇપલાઇનને પણ અપગ્રેડ કરાશે

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરના શહેરી વિસ્તારના પાંચ ગામોમાં પાણીની સમસ્યાને ડામવા માટે અગાઉ નવા બોર બનાવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે આગામી દિવસોમાં હવે પાણીની નવિન ટાંકી તેમજ અન્ડર ગ્રાઉન્ડ સંપ બનાવાની કામગીરી હાથ ધરાશે. આ માટે અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. શહેરી વિસ્તારના ગામોમાં છેલ્લા ઘણાં સમયથી પાણીની સમસ્યા પેચીદી બની છે. ગામોની ટોપાગ્રાફીને અનુલક્ષીને પણ પાણીનો પ્રશ્ન વિકટ બન્યો છે. ત્યારે ટાંકી તેમજ સંપની કામગીરીના અંતે પાઈપલાઈનનુ પણ જરૂરી કામ હાથ ધરાશે.

ગાંધીનગરના શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ બોરીજ, ધોળાકુવા, ઈન્દ્રોડા, પાલજ અને બાસણ ગામમાં માળખાગત સુવિધાઓનો અભાવ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જેમાં ખાસ કરીને પાણી ગટર, રસ્તા અને સ્ટ્રીટ લાઇટના પર્યાપ્ત સુવિધાના અભાવે સ્થાનિક ગ્રામજનો પરેશાન છે.

અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના બહિયલમાં વધતા ઝાડા-ઉલ્ટીના કેસના પગલે રેપીડ રિસ્પોન્સ ટીમ દોડી ગઈ

ગાંધીનગર, તા. ૨૧

દહેગામ તાલુકાના બહિયલ ગામે ઝાડા-ઉલ્ટીના વધી રહેલા કેસોના પગલે જિલ્લા તંત્રએ સાચા કારણની તપાસ માટે રેપીડ રિસ્પોન્સ ટીમને તેડાવી અને બહિયલ મોકલી હતી.

મળતી વિગતો પ્રમાણે રોગચાળાને પગલે આજે એક મહિલાનું મોત થતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે આજે પણ ૨૪ જેટલા કેસ ઝાડા ઉલ્ટીના મળી આવ્યા છે.

## કલેકટર ડીડીઓ પણ બહિયલ પહોંચ્યા : ૧ મહિલાનું મોત : ગામમાં સ્વચ્છતા અભિયાન આરંભાયુ

તંત્રના સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રેપીડ રિસ્પોન્સ ટીમ આજે બહિયલ પહોંચી અને દર્દીઓને મળી તેની કામગીરી આરંભી દીધી છે. ટીમે ત્યાંથી કેટલાક નમૂના પણ મેળવ્યા છે અને તેની ચકાસણી હવે હાથ ધરવામાં આવશે.

બીજી તરફ જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવાંગ દેસાઈ અને

અનુસંધાન પાન-૭ પર

# શહેરની ૧૫ શાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાશે

ગાંધીનગર, તા. ૨૧

શહેરી વિસ્તારમાં આજથી શરૂ થતા ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવમાં રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંહ બોરીજમાં બાળકોને શાળા પ્રવેશ કરાવશે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ૩૩ સરકારી પ્રા. શાળા અને મા. શાળાઓમાં ધો. ૯ના પ્રવેશોત્સવ કાર્યક્રમ માટે ૧૦ રૂટ બનાવવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં પવિત્ર યાત્રાધામ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી, પાઠ્યપુસ્તક મંડળના ચેરમેન પેથાણી ઉપરાંત રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંહ, અગ્ર સચિવ ડૉ. રાજીવકુમાર ગુપ્તા, કમલ દયાણી, મેયર પ્રવિણ પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવે, મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી સહિતના પદાધિકારીઓ જોડાવાના છે.

ગાંધીનગર શહેરમાં ૪૭૧ કુમાર અને ૪૪૧ કન્યાઓ મળી કુલ ૯૧૨ પ્રવેશપાત્ર બાળકોને આ ત્રિદિવસીય પ્રવેશોત્સવમાં પ્રવેશ આપવામાં આવશે.

શહેરની ૧૫ બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ પણ આપવામાં આવનાર છે. શહેરમાં પ્રવેશોત્સવ અંગેની તૈયારીઓ શિક્ષણતંત્ર દ્વારા સંપન્ન કરી દેવામાં આવી છે.

જિલ્લાના અન્ય શહેરી વિસ્તારોમાં ૧૧૦૦થી વધુ બાળકોને પ્રવેશ આપવામાં આવનાર છે. આ માટે પણ બે આઈપીએસ અધિકારીઓ અને બે સનદી અધિકારીઓ રાજ્યકક્ષાએથી આવી રહ્યા છે.

# સે-૧ તળાવ પાછળ ૭ કરોડનો ખર્ચ છતાં પાણીનુ ટીંપુ પણ નહી..!

## તળાવનુ તળિયુ જ વોટર પ્રુફ નથી : સરકારી તંત્ર એકબીજા વિભાગને ખો આપે છે : કરોડોના ખર્ચ બાદ એક દાયકાના અંતે પણ તળાવ વિકાસની યોજના મૃતપાય હાલતમાં



ગાંધીનગર તા ૨૧

સે-૧ ના તળાવ વિકાસ યોજના પાછળ અંદાજિત રૂ ૭ કરોડનો ખર્ચ કરાયા બાદ પણ તળાવમાં પાણીનુ ટીંપુ પણ જોવા મળતુ નથી. છેલ્લા એક દાયકાથી આ પ્રોજેકટ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતા તળાવ મૃતપાય હાલતમાં જોવા મળે છે જેના લીધે સહેલાણીઓનુ મોં પણ વંકાયુ છે. નગરમાં પિકનીક સ્પોટ ઉભો કરવાની સોહામણી વાતોના અંતે તળાવની રોનક નિખરી શકી નથી. તળાવમાં પાણી રહેતુ નથી પરંતુ કરોડોના ખર્ચ પર પાણીઢોળ થઈ ગયુ છે.

શહેરમાં સે-૧ ખાતે તળાવ વિકાસની યોજના છેલ્લા દોઢ દાયકાના અંતે પણ સાકાર થઈ શકી નથી. નગરમાં આવતા સહેલાણીઓ માટે પિકનીક સ્પોટ સમાન તળાવ નિર્માણ કરવાની આ યોજના અન્વયે

અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં નિયમિત ચોમાસુ ૨૯મીથી જામશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં હજુ વરસાદની ગતિવિધિ જણાતી નથી. ૨૨મીએ સૂર્ય આર્દ્રા નક્ષત્રમાં પ્રવેશ કરશે. તે પછી ગુજરાતમાં વરસાદના સંજોગો ઉભા થશે. ૨૯મી બાદ ધોધમાર વરસાદની શક્યતાઓ છે.

ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે ચોમાસુ દસેક દિવસમાં સક્રિય થાય. જૂન તા. ૨૨થી આર્દ્રા નક્ષત્રમાં સુર્ય આવતાં હવામાં ભેજ વધે. જૂન તા. ૨૨ થી રાજયના ભાગોમાં વરસાદી ઝાપટાં પડવાની શક્યતા રહે. જેમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયા કિનારાના ભાગોમાં વરસાદી ઝાપટાનું પ્રમાણ વધારે રહે. જ્યારે રાજ્યના અન્ય ભાગોમાં પણ વરસાદી ઝાપટાં પડે. જળયોનીના જીવોની ગતિવિધી જણાતી નથી. એટલે નિયમિત ચોમાસાની હજુ વાર છે. રાજ્યમાં ચોમાસુ ઘણુ મોડુ પડે પરંતુ ધોધમાર વરસાદ પડશે. વરસાદનુ બીજ-વીજ છે. આકાશમાં વાદળયુક્ત મેઘમાં ગડગડાટ ગર્જનાના ચિન્હો જણાતા નથી. આગામી ચારેક દિવસમાં ગડગટાડ વીજયુક્ત મેઘની શક્યતા રહે. હાલમાં ધુવાડા વાદળો રહે. જ્યારે આકાશમાં હિમચાદર બનતી જણાતી નથી એટલે નિયમિત ચોમાસુ સક્રિય થવાની દસેક દિવસ વાર લાગે તેમ છે.

બંગાળાના ઉપસાગરમાં ૨૫મી જૂનથી હવાનું દબાણ ઉભુ થઈ શકે તેની અસર પશ્ચિમ સાગરમાં થતાં વાદળોની ગતિવિધિ વધે.

● અનુસંધાન પાન-૭ પર

# જીએસટીના વિરોધમાં પાટનગરમાં બેનરો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં જ જીએસટીના અમલને લઈ વિરોધનો સુર ઉઠ્યો છે અને નગરમાં ઠેર ઠેર આ અંગેના બેનરો પણ લગાવવામાં આવ્યા છે.

જીએસટી કાયદાનો ૧લી જુલાઈથી અમલ થવા જઈ રહ્યો છે. રાજ્યના રાજ્યપાલશ્રીએ પણ આ અંગે વિધાનસભાએ પસાર કરેલ બિલને મંજૂરી આપી દીધી છે.

ગાંધીનગર શહેરમાં જીએસટીના વિરોધમાં બેનરો લાગતાં સત્તાવાળાઓ પણ મુંઝવણમાં મુકાયા છે. ગાંધીનગર શહેરમાં પહેલીવાર સરકાર સામે બેનરો લગાવી અને વિરોધ પ્રગટ કરવામાં આવી રહ્યો છે.

# પેથાપુરમાં આજે કન્યા-કુમાર સરખે સરખી સંખ્યામાં પ્રવેશપાત્ર છે

ગાંધીનગર, તા. ૨૧

આજે ગાંધીનગરને અડીને આવેલ પેથાપુર ગામમાં ૮૮ કન્યા અને ૮૮ કુમાર મળી ૧૭૬ બાળકોને પ્રવેશ આપવામાં આવશે.

સામાન્ય વહીવટ વિભાગના અગ્રસચિવ એસ. યુવાંગુ આ પ્રવેશોત્સવમાં હાજર રહેનાર છે.

સવારે ૮ વાગે પેથાપુર શાળા-૧ અને ૩ માં તે ૪૪ બાળકોને પ્રવેશ અપાવશે. જેમાં ૨૭ કુમાર અને ૧૭ કન્યાઓનો સમાવેશ થાય છે. આ પછી ૧૧.૩૦ વાગે પેથાપુર કન્યા-૧, પેથાપુર કન્યા-૨ તેમજ પેથાપુર કુમાર શાળા નં. ૨ માં ૧૩૨ બાળકોને પ્રવેશ કરાવશે. જેમાં ૭૧ કન્યા અને ૬૧ કુમારનો સમાવેશ થાય છે.

જિલ્લાના શહેરી વિસ્તારોમાં એક જ દિવસમાં આટલી મોટી સંખ્યામાં પ્રવેશોત્સવમાં પ્રવેશ મેળવનાર બાળકોની સંખ્યા પણ અહિ સૌથી વધુ છે.

જિલ્લાના શહેરી વિસ્તારોમાં રાજ્ય સરકારે પ્રવેશોત્સવ માટે યુંવાગુ ઉપરાંત આઈપીએસ અધિકારી અર્ચના શિવહરે, રાજીવ રંજન ભગત ઉપરાંત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, પછાત વર્ગ વિકાસ નિગમના ચેરમેન જયંતિભાઈ બારોટની ફાળવણી કરેલ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પલેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com